શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

RNI NO. 6304 / 62

# પંચોલી નવયુગ







જાન્યુઆરી-૨૦૧૪
અંક - ૧
વર્ષ : ૫૩
સળંગઅંક : ૪૦૪
માસિક કિંમત - ૧૦/-
વાર્ષિક લવાજમ - ૧૦૦/-



તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી
સહતંત્રી : ભાવના મલયકુમાર મિસ્ત્રી

## દૂધવાળી

હું અલબેલી, છેલછબીલી, દૂધવાળી હું દૂધવાળી..
દૂધ લ્યો...રે...કોઇ દૂધ લ્યો, સાદ દેતી ગલી ગલી..હું દૂધવાળી

કઢીયલ દૂધ કેરી દોણી લઇ હું દૂર દૂર વેચવા જાતી,
ઘેઘૂર સાદે, ઉંચા અવાજે, ગીત મીઠડાં એ ગાતી...
ઉગતી ઉષા ટાણે, બજતા ઝાલરે, ગોળી છલકાતી
નમતી સંધ્યાએ દૂધ વીના ગોળી મારી ખાલી... હું દૂધવાળી

ગામડાની ગોરી રૂપે શોભંતી, કરે રાતી બંગડી
આહીરની છોરી ચાલે મલપતી, ભાતીગળ રાતી ચુંદડી..
લીલી એ કાંચળી, તાંબડી છલકાતી નામે રૂડી મંગલી
નાના ટાબરીયા-મોટા કાબરીયા જોતા નયનો ફાડી... હું દૂધવાળી

દૂધ લ્યો રે સાદ દઉં ત્યાં દોડતાં આવે મંછાકાકી,
હું આવી સાદ દઉં ત્યાં આવે ઉમાભાભી
કોંકને શેર, કોકને પાશેર દેતા, બાલુડાજાયે જાણી..
રૂડું મારું નામ છતાંયે, મને વદતા સહું દૂધવાળી ... હું દૂધવાળી

અમૃત સી પંચોલી-અધીર-મુંબઇ





## વૃક્ષ......

અરે ! આ શીતલતા કેમ લાગે છે
અગન જેવી મને,
શા માટે ? માણસ માણસમાંથી
ગંધ આવે છે હવે ?
દરેક ઠેકાણે કાષ્ઠ ઠગ
દેખાયા કરે છે મને ,
વૃક્ષમાંથી પણ લોકો,
કબર બનાવે છે હવે,
ગગનચુંબી વૃક્ષ પ્યારા છે મને,
લાગે છે હવે આ જગનું માધુર્ય,
છીનવાય રહ્યું છે હવે.
એમ થાય છે કે વૃક્ષની જગ્યાએ,
ઉભા કરું તમને,
અને ધીરે ધીરે કાપુ,
દેહ તમારો હવે,
ઠંડક આપે, પ્રાણ આપે,
આ વૃક્ષ આપણને,
પણ તરફડે છે તે,
પોતાના પ્રાણ બચાવવા હવે,
બચાવો પ્રાણ પોતાના,
વક્ષો બચાવીને,
કહું છું હું તમને થાકીને
એક વૃક્ષ વાવવાનું
પણ તો લો હવે.....
કૌશલ મિતેશકુમાર પંચોલી-અમદાવાદ

## છોડી નથી શકતો....

જિંદગી મહાસાગરના તોફાનમાં સપડાઇ, તરવા મથું છું તથા તરી નથી શકતો.
હોઠ પર આવીને શબ્દો ભુલાય ગયા, બોલવા મથુ છું છતાં બોલી નથી શકતો.
દુઃખ દર્દની અસહ્ય વેદના સતાવી રહી છુપાવવા ધારું છતાં છુપાવી નથી શકતો.
ઉદાસ નયનોના નીર સુકાઇ ગયા, અશ્રુ વહાવવા ઇચ્છુ, વહાવી નથી શકતો.
વિકટ મંઝીલમાં કદમો લથડી રહ્યા, ચાલવા મથુ છતાં ચાલી નથી શકતો.
સંગીતના સુમધુર સુર બેસુરા બન્યા, ગાવા માટે તડપું, ગાઇ નથી શકતો.
અધઃપતનની ઉંડી ખીણમાં ગબડ્યો, શિખર પર જવા ઇચ્છું ચડી નથી શકતો.
જીવનની કિતાબ સાવ કોરી રહી, લખવાની તમન્ન છતાં લખી નથી શકતો.
સ્મૃતિની પાંથરતી વેલ સુકાઇ ગઇ, નિખારવા ધારું, નિખારી નથી શકતો.
દિપકની જ્યોત બુઝાવાની અણી પર, પુનઃ જલાવવા ઇચ્છું, જલાવી નથી શકતલો..
શ્વાસની લીલા અચાનક થંભે તો કેવું ઉત્તમ, આ જગત છોડવા ઇચ્છું, છોડી નથી શકતો.....
હરીશભાઇ સી. પંચોલી-મુંબઇ

નવયુગ શુભચિંતક શ્રી પ્રવિણચંદ્ર છગનલાલ લાઇટવાલા મુંબઇ શ્રી હરકીશનદાસ છગનલાલ કાપડીયા મુંબઇ



## નવયુગ શુભેચ્છક

# પાંચમી પૂણ્યતીથીએ ભાવભરી શ્રદ્ધાંજલી

ખરેખર 'મા' આજે પણ તમારા વ્હાલના
દરિયા સમી આઠેય દિકરીઓ તમારી
સતત હૂફ ઝંખે છે. ફોન કરતાં જ 'દિકરા'
અને 'બેટા' જેવા શબ્દો સાંભળવા
અમારા કાન તલસી રહ્યા છે.
પ્રેમાળ અને સદા હસતો ચહેરો
આજે પણ આંખની સમક્ષ તરતો રહે છે,
સાથે એ હૃદયમાં હજી પણ એવો ને એવો અકબંધ છે.
તમારા પ્રેમાળ અને સ્નેહભર્યા સ્પર્શને ઝંખતી
તમારી વ્હાલના દરિયા સમી દિકરીઓ

અક્ષરવાસી
ગં.સ્વ. શાંતાબેન ભીખાભાઈ પંચોલી
જન્મ તા. ૬.૮.૧૯૨૮ અ.વા.તા. ૨૧.૧.૨૦૦૯

પદમા, ધર્મિષ્ઠ(જયોતિ), માયા, પ્રવિણા,
હેમા, ગીતા, સોનલ, અલોકી
તથા પરિવારજનો....

2010-2030

## નવયુગ શુભેચ્છક



સ્વ. કૃષ્ણકાંત ઉત્તમરામ મારફતીઆ
જન્મ : ૨૦.૯.૧૯૫૪ સ્વર્ગવાસ : ૧૩.૧.૨૦૧૦

# ચોથી પૂણ્યતિથિએ.....હૃદયાંજલિ

'આપના સમૃદ્ધ આદર્શો, અથાગ પરિશ્રમ, સાદગીભર્યુ જીવન, પરોપકારી સેવાભાવી સ્વભાવ, શિક્ષણ આપવાના-વધારવાના સતત પ્રયાસો તથા સચ્ચાઈ અમારા પ્રેરણા સ્ત્રોત બની રહ્યા છે ને રહેશે.' આપના દેહવિલયને આજે ત્રણ વર્ષ પૂરા થયા છે, ત્યારે પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ બક્ષે એજ પરિવારની પ્રાર્થના.....

## અર્પણકર્તા

ગં.સ્વ. જયશ્રીબેન કૃષ્ણકાંત મારફતીઆ

શ્રી નિરજકુમાર કે. મારફતીઆ ગં.સ્વ. નિર્મળાબેન યુ. મારફતીઆ
શ્રીમતિ સ્વાતિ એન. મારફતીઆ શ્રી અનિલકુમાર યુ. મારફતીઆ
કુ. મેઘના કે. મારફતીઆ શ્રીમતિ વાસંતીબેન એ મારફતીઆ

ચિ. પ્રાર્થવી નિરવકુમાર મારફતીઆ
ચિ. આર્યન નિરજકુમાર મારફતીઆ

૪૧/૭, 'શ્રી કૃષ્ણ વિહાર'
સોમનાથ મહાદેવ રોડ, સરગમ શોપિંગ સેન્ટરની પાછળ,
અઠવા લાઈન્સ, સુરત - ૩૯૫ ૦૦૭
(ઘર) + ૯૧-૨૬૧-૨૨૫૭૨૬૪
મો. : ૯૩૨૭૯ ૩૧૫૨૫

2010-2030



સ્વ. વિઠ્ઠલદાસ સોમાભાઈ પંચોલી
રાજપીપલા
જન્મ : ૧૭.૪.૧૯૧૮ સ્વર્ગવાસ : ૪.૧.૧૯૯૮
ચૈત્ર સુદ ૭, ગુરૂવાર પોષ સુદ સાતમ, રવિવાર

# નવયુગ શુભેચ્છક

# સોળમી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

આપનો માયાળુ નિઃસ્વાર્થ મીલનસાર સ્વભાવ, કૌટુંબિક ભાવના,
પ્રેમ, દીર્ઘ દ્રષ્ટિ અને ધાર્મિકવૃતિ આપના સમગ્ર જીવનમાં
કામ પ્રત્યેની કર્તવ્યનિષ્ઠા, તનતોડ મહેનત કરવાના
આપના આદર્શ ગુણો વિસરી શકાય એમ નથી,
આપ લીલી સંસારવાડી મુકી દત્તશરણ થયા......
પરમાત્મા આપના દર્શાવેલ પરમપથ પર પદાર્પણ કરવા
અમો સહુને શકિત અર્પે

## અર્પણકર્તા

સ્વ. જેકોરબેન વિઠ્ઠલદાસ પંચોલી

| | |
|---|---|
| પનસભાઈ વિ. પંચોલી | સ્વ. રમીલાબેન પી. પંચોલી |
| ઠાકોરભાઈ વિ. પંચોલી | જયોતિષબેન ટી. પંચોલી |
| ચેતનભાઈ વિ. પંચોલી | જયોતિબેન સી. પંચોલી |
| ભુપેન્દ્રભાઈ વિ. પંચોલી | જયશ્રીબેન બી. પંચોલી |
| પ્રવિણભાઈ વિ. પંચોલી | મમતાબેન પી. પંચોલી |
| પુષ્પકાંત વિ. પંચોલી | ભાવનાબેન પી. પંચોલી |
| સ્વ. પરસોત્તમદાસ જે. પંચોલી | સ્વ. સુશીલાબેન પી. પંચોલી |
| રાજેશભાઈ ગોરધનભાઈ પંચોલી | હંસાબેન રાજેશભાઈ પંચોલી |
| પ્રવિણચંદ્ર છોટુભાઈ દેસાઈ | ભદ્રાબેન પ્રવિણચંદ્ર દેસાઈ |

તથા સમસ્ત પરિવાર

2010-2030

## આપ બન્નેને અમારી સૌની વંદના



સ્વ. મણીલાલ ભૂલાભાઈ પંચોલી
જ.તા. ૧.૧.૧૦૨૮
સ્વર્ગવાસ : ૯.૬.૨૦૧૨(૮૪ વર્ષ)

સ્વ.અ.સૌ. ભગવતીબેન મણીલાલ પંચોલી
જ.તા. ૧.૧.૧૦૩૪
સ્વર્ગવાસ ૨૯.૧૧.૧૧ (૭૭ વર્ષ)

# નવયુગ શુભેચ્છક

સ્નેહભીની કરુણામયી માતા ચરણે શરણ દીજે,
બીલખ રહે હમ શિશુ સુત તેરે દયા દ્રષ્ટિ કીજે,
જય માતાદી.... જય માતાદી.....
જય માતા કી જય હો....

નવલું વર્ષ તંદુરસ્તમય, તાજગીમય અને
આનંદમય બની રહો એજ પ્રાર્થના
સર્વે જ્ઞાતિજનોને
અમારા

## વર્ષ ૨૦૧૪ના સાલમુબારક

કિરણ મણીલાલ પંચોલી
અ.સૌ. પ્રીતિ કિરણ પંચોલી
ચિ. કૌશલરાજ કિરણ પંચોલી
ચિ. રીમા કમલેશ ગજ્જર
ચિ. હેતલ કિરણ પંચોલી

૨૦૨, ૨જે માળે, વિંગ-એ, ગણેશકૃપા બિલ્ડીંગ, બ્રહ્માકુમારી સૅન્ટર સામે, પ્લોટ ૬-ડી,
દત્તાત્રેય રૉડ, સાંતાક્રુઝ(પશ્ચિમ), મુંબઇ - ૪૦૦ ૦૫૪ AS.
ફોન : (૦૨૨) ૨૬૬૧ ૪૦૩૨ મૉબાઇલ : ૦૯૩૨૨૨ ૬૩૫૨૮

2010-2030

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત
જાન્યુઆરી-૨૦૧૪
# પંચોલી નવયુગ
**પ્રકાશનનું સ્થળ**
ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેધા ઓટોમોબાઈલ્સ સામે,
રાજકમલ આર્કેડ પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર-૨

**પ્રકાશન સામયિકતા** : માસિક
પ્રકાશક તંત્રીનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી
મુદ્રકનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી
મુદ્રકનુંસરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨,૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર-૨
માલિકી ધરાવનાર મહામંડળ. : શ્રી પંચોલી સેવા સમાજ, બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હું દિનેશભાઈ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે......

## પંચોલી નવયુગ જાહેરાતના નવા દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | ₹ ૬,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૦૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૫૦૦/- |
| કલર પેજ ફક્ત દિપોત્સવીઅંક (એક ફોટો ફ્રી) | ₹ ૧,૫૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૨૦૦/- |
| અડધુ પેજ | ₹ ૬૦૦/- |
| અડધુ પેજ એક ફોટા સાથે | ₹ ૬૫૦/- |
| પા પેજ | ₹ ૩૦૦/- |
| પા પેજ એક ફોટા સાથે | ₹ ૩૫૦/- |

(પા પેજ અને અડધા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂા. વધારે આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક** ₹ ૧૫,૫૫૫/-
(પ્રથમ વર્ષે એક પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓનો ફોટો તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક** ₹ ૨,૫૨૫/-
(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે. અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે (ફોટો છપાશે તો નામ આવશે નહિં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | | |
|---|---|---|
| **માસિક કિંમત** | - | **૧૦/-** |
| **વાર્ષિક લવાજમ** | - | **૧૦૦/-** |

# તંત્રીશ્રીની કલમે......

સુજ્ઞ જ્ઞાતિજનો,

કુશળ હશો.

૨૦૧૩નું વર્ષ વિદાય લઈ રહ્યું છે ત્યારે ફક્ત એક જ વિચાર આવે કે ગયાને ભુલી જાઓ અને આવનારાનું સહર્ષ સ્વાગત કરો....નવા વર્ષનો એજ સંદેશ જુનુ ભુલી જાઓ... નવાને આવકારો....કંઇક ભુલીને કંઇક નવુ કરવાનો અણસાર...વર્ષના લેખાજોખા જોઇ કરેલ ભુલોનું પુનરાવર્તન ન કરતાં એ ભુલોનો સુધારો કરી જીવનમાં કંઇક તો પરિવર્તન કરવું જરૂરી બને છે...સ્નેહના સરવાળા કરી, વેરઝેરની બાદબાકી કરી, પ્રેમનો ગુણાકાર કરી અને પછી ભાગાકાર કરી સૌને એક સરખો ભાગ આપીએ....તો ચાલો કંઇક નવુ કરવાના સંકલ્પ સાથે વર્ષ ૨૦૧૪ને આવકારીએ...

એક અંકના પ્રકાશન પાછળ કરવી પડતી મહેનત અને પછી જ્ઞાતિજનની ફરીયાદ હોય કે નવયુગ નથી મળ્યું...એનો અર્થ શું ? ? ? તો નાના એકમો કે જ્યાં હેન્ડ ડીલીવરીમાં નવયુગ સૌને ૧૦૦% નિયમિત મળી જ જાય છે... અને નવયુગનો પુરેપુરો લાભ પણ તેઓ લે છે. જયારે રહી જાય છે વડોદરા, સુરત, મુંબઇ અને ત્યાંથી જ ફરી ફરીને ફરીયાદ આવ્યા જ કરે છે... નવયુગ નથી મળ્યુ ? અને આ સીલસીલો આવો જ રહેશે તો ધીરે ધીરે સમાજ તુટતો જશે.... સમાજની સાંકળ ઢીલી થતી જશે. સુજ્ઞ જ્ઞાતિજનો આનો કંઇક તો ઉપાય હશે ને ? કોઇક તો રસ્તો હશે ને ? દિવાળી ગઇને બે મહિના થઇ ગયા હજી ફરીયાદ આવે છે નવયુગનો દિવાળી અંક નથી મળ્યો... આ માટે વિચારવું રહ્યું... આટલી બધી મહેનત.... આટલો બધો ખર્ચો અને સરવાળે.....ફરીયાદ તો ઉભીને ઉભી જ.... અને જે લોકો નવયુગને પ્રેમથી, સામે ચાલીને જાહેરાત આપે છે તેઓ જ નવયુગથી વંચીત રહી જાય છે... તો ચાલો આ ગહન પ્રશ્નનો એકમોના પ્રમુખો મનન અને મંથન કરી કંઇક રસ્તો કાઢશો....આથી નવયુગનો લાભ દરેક જ્ઞાતિજનોને અવિરત મળતો રહે....

સમાજની પ્રગતિના મંડાણ શરૂ થઇ ગયા છે.... હવે વાઇબ્રન્ટ પંચોલી સમાજ બનશે જ એવી આશા બંધાય રહી છે... પહેલા મુંબઇ મુકામે વર્ષોથી આવિષ્કાર ગ્રુપ સક્રિય છે. ત્યારબાદ સુરતના યુવાનો દ્વારા સ્વયં ગ્રુપની સ્થાપના થઇ. અંકલેશ્વર એકમ નાનુ હોવા છતાં સ્વયં ગ્રુપની સ્થાપના કરી ૩૨ સભ્યો જોડાયા છે.. અને હવે વ્યારા મુકામે યુવાનો દ્વારા 'સ્વર

દિનેશભાઇ એમ. મિસ્ત્રી
તંત્રી - પંચોલી નવયુગ

ગ્રુપ'ની સ્થાપના થઇ છે.. સ્વર ગ્રુપના પ્રમુખશ્રી તનેશભાઇ અને તેમની ટીમને હાર્દિક શુભેચ્છાઓ સહ અભિનંદન પાઠવું છું... અને એક સુચન પણ કરું છું કે દર મહિને કે પંદર દિવસે કોઇને કોઇ પોગ્રામ કરી સક્રિય બની પ્રવૃત્તિમાં રત રહેશો... કોઇ પોગ્રામ ન હોય તો પણ એક સ્થળે ભેગા થઇ વિચારોની આપ લે કરશો.. બીજા એકમો પણ આ બાબતે વિચાર કરી એમના એકમોના યુવાનોને પ્રોત્સાહિત કરી, યુવાશકિત જાગૃત કરી યુવા સંગઠનની સ્થાપના કરી સમાજના ઉત્થાનમાં સહભાગી બનો... જેવી રીતે મહિલા પ્રવૃત્તિઓ દરેક એકમમાં ધમધમી રહી છે તેવી જ રીતે યુવાનો પણ યુવા પ્રવૃત્તિની એક લહેર જગાવી સમાજને પ્રગતિના સોપાનો સર કરાવી શકો એવી આશા અસ્થાને નથી...

# પ્રમુખ નોંધ......

વ્હાલા જ્ઞાતિજનો,

સર્વે જ્ઞાતિજનોને મારા નમસ્કાર અને નવુ વર્ષ ૨૦૧૪ ના સૌને

## *Happy New Year*

સને ૨૦૧૩ નાં વર્ષનાં સમાપન બાદ સને ૨૦૧૪નું આગમન સૌ જ્ઞાતિજનો માટે અનંદ ઉમંગ, આરોગ્ય અને ઉત્સાહથી સભર રહે એવી પ્રભુ ને પ્રાર્થના.

અંકલેશ્વર મુકામે તા. ૦૫.૦૧.૨૦૧૪ના રોજ રાખવામાં આવેલ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત અને શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વર દ્વારા આયોજીત ખેલ મહાકુંભ , આકાંશા-૨, સ્વયં લોગો અનાવરણ, સન્માન સમારંભ તથા અંકલેશ્વર એકમ સીલ્વર જયુબીલી મહોત્સવ નાં અર્પણ કરતા સુરતનાં સ્વ. દિપકભાઇ બાલકુષ્ણ જરીવાલા ફેમીલીનો હું હાર્દિક આભાર વ્યકત કરૂ છું.

આ કાર્યક્રમમાં આપણા યુવાનોને પ્રોત્સાહીત કરવા માટે નાં કાર્યક્રમો રાખવામાં આવેલ છે. પાલ વિભાગનાં યુવા મિત્રોનું જોઇએ તેટલું રજીસ્ટ્રેશન થયું નથી પાલ વિભાગનાં યુવા મિત્રો જાગૃત થઇ પોતાના એકમમાં સ્વયં ગૃપની સ્થાપના કરે, જો સભ્ય સંખ્યા ન હોય તો આજુબાજુ નાં ગામોના યુવાનો ભેગા થઇને સ્વયં ગૃપ બનાવવા વિનંતી છે.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને ૫૦ વર્ષની સુવર્ણ જયંતી મહોત્સવ નિમિતે ગત પ્રમુખશ્રી ગીરીશભાઇ આઇ. ગજ્જર ની ટીમે મહામંડળને ૫૦ વર્ષની મજલે લઇ જનારા, તથા આપણા વડીલો જે પ્રમુખશ્રી , મહામંત્રીશ્રી તથા નવયુગનાં તંત્રી પદે સેવા આપી મહામંડળનાં વિકાસમાં પોતાનું યોગદાન આપ્યું છે તેવા વડીલોનું સન્માન કરવાનું નકકી કરવામાં આવેલ, તે કાર્યક્રમ પણ તા. ૦૫.૦૧.૨૦૧૪નાં રોજ અંકલેશ્વર મુકામે રાખવામાં આવેલ છે. દરેક માજી પ્રમુખશ્રીઓ, મહામંત્રીશ્રીઓ તથા નવયુગનાં તંત્રીશ્રીઓને આમંત્રણ મોકલવામાં આવેલ છે. તો દરેક સન્માનિત વડીલોને અંકલેશ્વર મુકામે પધારવા ખાસ આમંત્રણ પાઠવું છું.

શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ વ્યારા ખાતે તા. ૨૨.૧૨.૨૦૧૩ નાં રોજ પારિતોષિક વિતરણ તથા સંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવેલ જેમાં મને સન્માનિત કરવા બદલ વ્યારા એકમનાં મારા સાથી મિત્રોનો આભાર વ્યકત કરૂં છું. વ્યારા એકમ દ્વારા 'સ્વર યુથ' નામના યુવા મંચની સ્થાપના કરવામાં આવેલ છે. જેમાં ૫૦ થી વધુ યુવામિત્રો જોડાયા છે. 'સ્વર યુથ'ના પ્રમુખ શ્રી તનેશ મિસ્ત્રી તથા તેમની ટીમને હાર્દિક શુભેચ્છા પાઠવું છું અને બાકી રહેલ યુવા મિત્રોને 'સ્વર યુથ' માં જોડાવા માટે હાર્દિક અપીલ કરૂં છું. બીજા એકમો પણ સત્વરે યુવા મંચ 'સ્વયં ગ્રુપ' ની સ્થાપના કરવા અપીલ કરૂં છું.

શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વરને કાર્યકર મિત્રો ધ્વારા કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી રહયા છે, તમામ કાર્યકર મિત્રોની કામગીરીને બીરદાવું છું. યુ.કે.ના કેટલાક ભાઇઓનાં સહયોગ થી શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ ધ્વારા વિધવા-નિરાધાર સહાય મેળવતાં ભાઇઓ-બહેનોને ગાંધીનગર-મહુડી-અંબાજી-ડાકોરનાં પ્રવાસનું આયોજન કરવામાં આવે છે. જેનાં નામોની નોંધણી કરવામાં આવેલ છે જે પ્રવાસનાં કાર્યક્રમની વિગતો ટુક સમયમાં મોકલવામાં આવશે. જે તે એકમનાં હોદ્દેદારોને પણ વિનંતી કરવામાં આવે છે કે આ પ્રવાસમાં તમારા સહકારની જરૂર પડશે તો તેમાં સહકાર આપવા વિનંતી.

ચાલો આપણે સૌ ૫મી જાન્યુઆરી ૨૦૧૪ નાં રોજ અંકલેશ્વર ભેગા થઇએ.. અસ્તુ.

મનિષભાઇ એમ. પંચોલી
પ્રમુખ - શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

# Happy Birthday......to tou



**Naisadh Vijaybhai Pancholi**
Birthdate : 31.01.1989
Mo. : 096736 98874

Vijay Gamanbhai Pancholi
Nita Vijay Pancholi - Mo. : 98982 72401
**Golden Scissors Ladies Tailor**
Rayakwad Street, Vyara

Gamanbhai K. Pancholi — Bhanuben G. Pancholi
Bhadresh G. Pancholi — Ketki B. Pancholi - Binny - Hely
Himanshukumar H. Gajjar — Late Ushaben H. Gajjar

Late Bhikhubhai K. Pancholi — Late Chandanben B. Pancholi
Late Pravin B. Pancholi — Kumud P. Pancholi - Darshit
Naresh P. Pancholi — Indira N. Pancholi - Anisha - Monal
Atul B. Pancholi
Sudhir B. Pancholi — Mita S. Pancholi - Rahi

Champaklal K. Pancholi — Shardaben C. Pancholi
Harish C. Pancholi — Rekha H. Pancholi - Bhavik
Bharat C. Pancholi — Anandi B. Pancholi - Palak
Kanubhai h. Pancholi — Chandrikaben K. Pancholi

shaadi.com



નામ : સ્નેહા
પિતા : સ્વ. નંદકિશોર ચીમનલાલ પંચોલી
માતા : હંસાબેન
જન્મ તારીખ : ૧૨.૦૮.૧૯૮૪
સમય : સાંજે ૬.૪૫ સ્થળ : બીલીમોરા
ઉંચાઇ : ૪' ૯''
અભ્યાસ : B.Com. L.L.B.
એડ્રેસ : ૩૯, સંધ્યાવંદન સોસાયટી,
મીની વીરપુર રોડ,
પાલનપુર જકાતનાકા, સુરત
મો. : ૯૫૧૦૮ ૮૯૮૫૨

## અભિનંદન....



વડોદરા નિવાસ
રમેશભાઇ વી મપારાના
સુપુત્ર
શ્રી સુનિલભાઇની
સુપુત્રી
**ચિ. તન્વી**
એ ૨૪.૧૧.૧૩ના રોજ
મુદ્રા સ્કૂલ ઓફ ઇન્ડિયન
ક્લાસીકલ ડાન્સના
સૌજન્યથી
'આરંગેત્રમ'પ્રથમ
રંગમંચ
આ રોહણ કરી મપારા
કુટુંબ તથા
સમગ્ર પંચોલી સમાજનું
ગૌરવ વધાર્યુ છે....
અભિનંદન....
અમેશચંદ્ર વી. મપારા
શર્મિષ્ઠાબેન આર. મપારા
પ્રતાપભાઇ પંચોલી
મંજુબેન પી. પંચોલી
બી-૬૧, આર્શીવાદ સોસાયટી,



**સ્વ. યોગેશભાઈ હિરાલાલ મહેતા**
જન્મ તા. ૧૬.૦૫.૧૯૬૦ સ્વર્ગવાસ તા. ૨૧.૧૧.૨૦૧૩

## હૃદયાંજલી

લગાવી માયા જિંદગીના સમયમાં,
જીતી ગયા તમે દિલ બધાના,
વિરહમાં દિલ કોરાઇ ગયું આંસુ અમે સાર્યા ઘણાં,
પણ દિલ હળવું ન થયું...
સમય વહેતો જાય..... વહેતો જાય....
સંગાથ આપનો કદીના ભુલાય...
પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એજ અમારી
પ્રાર્થના

**અર્પણકર્તા**

અનુરાધાબેન યોગેશભાઇ મહેતા
હિમાંશુ યોગેશભાઇ મહેતા
હિરાલાલ અમ્રતલાલ મહેતા
ઇન્દુમતી હિરાલાલ મહેતા
બિપીનભાઇ હિરાલાલ મહેતા-યુ.કે.
મંજુબેન બિપીનભાઇ મહેતા-યુ.કે.
રમેશભાઇ હિરાલાલ મહેતા
શકુંતલાબેન રમેશભાઇ મહેતા
તથા સમસ્ત પરિવાર

૧૭, આર્શિવાદ સોસાયટી, નવયુગ કોલેજની બાજુમાં,રાંદેરરોડ, સુરત મો. ૯૯૭૯૪ ૬૨૬૩૬

જય જલારામ



**નિશાંત સુમનભાઈ પંચોલી** કેનેડા
જન્મ તા. : ૬.૧.૮૯
સમય : બપોરે ૧.૩૦ કલાકે
BCA & Post Graduation
Business Management

**ચિ. નિશાંત**
**તા. ૩.૧.૨૦૧૪ના રોજ**
**કેનેડાથી ભારત આવનાર છે.**

સુમનભાઈ વિઠ્ઠલદાસ પંચોલી
ભારતીબેન એસ. પંચોલી
એકતા મિલનકુમાર સોની
મિલનકુમાર કિરણભાઈ સોની

ઉપલી બજાર, સ્ટેટબેંકની સામે, તેજગઢ
જિ. છોટાઉદેપુર,
મો. : ૯૪૨૮૩ ૦૨૧૯૨

# કુર્યાત સદા મંગલમ્



અમારા લાડકા સુપુત્ર
**ચિ. મનન** સાથે **ચિ. પલક**
(શ્રીમતિ દક્ષાબેન તથા
શ્રી નિતિનભાઈ બી. રામીની સુપુત્રી)

નવા સંબંધો અને સંબોધનોના
સ્વપ્નિલ વિશ્વમાં લગ્ન માંગલ્ય દ્વારા
તા. ૨૪.૧૧.૨૦૧૩, રવિવારે જોડાયા.
નવા વિશ્વના મંગલ પ્રવેશ વેળાએ
અનેક શુભેચ્છાઓ સહ શુભાશિષ

**જયેન્દ્ર એન. પંચોલી - જય પંચોલી**
**પ્રેમીલા જે. પંચોલી**

**નીરજ જે. પંચોલી**
**રૂપલ એન. પંચોલી**
**ચિ. નિસર્ગ એન. પંચોલી**

**'નીરજ' ૫-હેમધ્રુવ સોસાયટી,**
**કાલુપુર બેંક સામે, વાસણા,**
**અમદાવાદ-૩૮૦ ૦૦૭**
**ફોન : ૦૭૯ ૨૬૬૧ ૪૬૭૮**

## શ્રી સમસ્ત પંચોલી સુથાર પંચની ધર્મશાળા, ઉનાઈ
# નવા હોલ બાંધકામ માટે મળેલ દાનની વિગત

| | |
|---|---|
| સ્વ. જમનાદાસ ભગવાનજી પંચોલી-બીલીમોરા | ૧,૫૧,૦૦૦ |
| સ્વ. ઉત્તમભાઇ ગોવિંદજી મિસ્ત્રી-યુ.કે. બોલ્ટન | ૨૫૦૦૦ |
| હ.લલીતાબેન ઉત્તમભાઇ મિસ્ત્રી- | |
| સ્વ. તારાબેન ચુનીલાલ મિસ્ત્રી-નવસારી | ૫૦૦૦ |
| સ્વ. ચુનીલાલ નરોત્તમદાસ મિસ્ત્રી-નવસારી | ૫૦૦૦ |
| હ.મંજુબેન મિસ્ત્રી | |
| શ્રીમતિ પદમાબેન રામુભાઇ પંચોલી-વ્યારા | ૫૦૦૦ |
| હ.સનતકુમાર પંચોલી | |
| વાસંતીબેન દિલીપકુમાર મિસ્ત્રી-યુ.કે.લેસ્ટર | ૧૦૦૦૦ |
| સ્વ. મગનભાઇ હરીભાઇ પંચોલી-ગડત | ૫૦૦૦ |
| હ.દિપકભાઇ જયો.ભાસ્કર | |
| પરમાનંદ રામજીભાઇ પંચોલી-બીલીમોરા | ૫૦૦૦ |
| કિરણભાઇ મણીલાલ પંચોલી-મુંબઇ | ૫૦૦૦ |
| રતિલાલ ડાહ્યાભાઇ પંચોલી-યુ.કે-લેસ્ટર | ૫૦૦૦ |
| ચંપાબેન રતિલાલ પંચોલી-લેસ્ટર-યુ.કે. | ૫૦૦૦ |
| હેમંતકુમાર રમણીકલાલ ગાંધી-વ્યારા | ૧૦૦૦૦ |
| સ્વ મગનલાલ હરીભાઇ મિસ્ત્રી-વ્યારા | ૨૫૦૦ |
| હ. તનેશ મિસ્ત્રી | |
| સ્વ. મહાલક્ષ્મીબેન મગનલાલ મિસ્ત્રી-વ્યારા | ૨૫૦૦ |
| હ.બીનાબેન મિસ્ત્રી | |
| સ્વ. અમૃતલાલ મગનલાલ મિસ્ત્રી-વ્યારા | ૧૦૦૦ |
| હ. જયાબેન | |
| સ્વ. મગનલાલ હરીભાઇ મિસ્ત્રી-વ્યારા | ૨૫૦૦ |
| હરકિશભાઇ ગાંડાભાઇ પંચોલી-વ્યારા(હ. બીનાબેન) | ૨૫૦૦ |
| સુમનલાલ અંબેલાલ પંચોલી-વ્યારા | ૫૦૦૦ |
| નીરૂપાબેન સુમનલાલ પંચોલી | ૫૦૦૦ |
| સ્વ. મોહનલાલ જગજીવનદાસ પંચોલી-વ્યારા | ૨૫૦૦ |
| હ. સુમિત્રાબેન | |
| શ્રી અને શ્રીમતિ તરફથી | ૨૫૦૦ |
| શાંતીલાલ છગનલાલ પંચોલી-વ્યારા | ૧૦૦૧ |
| નવિનભાઇ ચુનીલાલ પંચોલી-વ્યારા | ૨૫૦૦ |
| નવિનભાઇ અંબેલાલ પંચોલી-વ્યારા | ૧૦૦૦ |
| દિપકકુમાર સન્મુખલાલ પંચોલી-સુરત | ૫૦૦૦ |
| ગિરીશભાઇ ઈશ્વરલાલ ગજ્જર-સુરત | ૫૦૦૦ |
| મનહરભાઇ ટી. પંચોલી-બીલીમોરા | ૨૫૦૦ |
| કલ્પેશભાઇ ભગુભાઇ મિસ્ત્રી-ગણદેવી | ૧૧૦૦ |
| ચિંતુકુમાર ભગુભાઇ મિસ્ત્રી-ગણદેવી | ૧૧૧૧ |
| મહેશભાઇ ગણપતભાઇ પંચોલી-નવસારી | ૧૦૦૧ |
| ગીતાબેન ભરતભાઇ મોદી-નવસારી | ૧૫૦૦ |
| સ્વ. શાંતાબેન રામજીભાઇ પંચોલી-બીલીમોરા | ૧૫૦૦ |
| હ. હસમુખભાઇ-મોહનભાઇ -ધીરજભાઇ-નરેશભાઇ | |
| પ્રકાશભાઇ ગણપતભાઇ પંચોલી-ગણદેવી | ૨૫૧ |
| કિરણભાઇ ગણપતભાઇ પંચોલી-ગણદેવી | ૨૫૧ |
| સુરેશભાઇ મગનભાઇ મિસ્ત્રી-ગણદેવી | ૨૫૧ |
| જીગીષા નિલેશકુમાર પંચોલી-ગણદેવી | ૨૫૧ |
| જીતેન્દ્ર ખંડુભાઇ મિસ્ત્રી-ગણદેવી | ૨૫૧ |
| હેમંતભાઇ કાંતીલાલ મિસ્ત્રી-ગણદેવી | ૨૫૧ |
| અશોકભાઇ જમનાદાસ ગાંધી-નવાપુર | ૫૦૧ |
| સ્વ. નગીનદાસ ધનજીભાઇ પંચોલી-વ્યારા | ૨૫૦૧ |
| હ. પ્રફુલભાઇ | |
| સ્વ. સુમનભાઇ છોટાલાલ પંચોલી-વ્યારા | ૫૦૧૧ |
| હ. રંજનબેન | |
| રજનીકાંત મંછુભાઇ મિસ્ત્રી-નવાપુર | ૨૫૦૦ |
| ચંદ્રકાંતભાઇ ચુનીલાલ પંચોલી-નવાપુર | ૫૦૦૦ |
| હ. નિલેશભાઇ સી. પંચોલી | |
| દિપકભાઇ ચુનીલાલ પંચોલી-નવાપુર | ૫૦૦૦ |
| ઇન્દ્રવદનભાઇ રતિલાલ પંચોલી-નવાપુર | ૫૦૦૦ |
| શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ | ૧૧૦૦૦ |
| શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ-વ્યારા | ૧૫૦૦૦ |
| સ્વ. ઉત્તમરામ નગીનદાસ મારફતીયા-સુરત | ૫૦૦૦ |
| હ. અનિલભાઇ મારફતિઆ | |
| સ્વ. રૂક્ષ્મણીબેન રતિલાલ ઝવેરી-લેસ્ટર | ૫૦૦૦ |
| હ. અશોકભાઇ રતિલાલ ઝવેરી | |
| સ્વ. રતિલાલ મોતીરામ ઝવેરી-લેસ્ટર | ૫૦૦૦ |
| હ. અશોકભાઇ રતિલાલ ઝવેરી | |
| શોભાબેન અને કિશોરભાઇ નારણદાસ મિસ્ત્રી બીલીમોરા | ૧૦૦૦૦ |
| જીતેન્દ્રકુમાર સી. પંચોલી-બીલીમોરા | ૨૫૦૦ |
| દિનેશચંદ્ર જમનાદાસ મિસ્ત્રી-નવસારી | ૫૦૦૦ |
| સતિષચંદ્ર જમનાદાસ મિસ્ત્રી-નવસારી | ૫૦૦૦ |
| ભરતકુમાર પ્રમોદચંદ્ર પંચોલી-સુરત | ૧૫૦૦ |
| સુરેશભાઇ પરસોત્તમદાસ પંચોલી-વડોદરા | ૫૦૦૦ |
| સન્મુખભાઇ શાંતિલાલ પંચોલી-વ્યારા | ૫૦૦૦ |
| અરવિંદભાઇ નારણદાસ પંચોલી-વ્યારા | ૧૦૦૦૦ |
| નરેન્દ્રભાઇ બાપાલાલ પંચોલી-માંડવી | ૧૬૭૫ |
| હરીશભાઇ મોહનલાલ પંચોલી-સોનગઢ | ૧૬૭૫ |
| સ્વ. અરવિંદભાઇ વ્રજલાલ ગાંધી-નવાપુર | ૫૦૦૦ |
| લલીતાબેન અંબેલાલ પંચોલી-વ્યારા | ૫૦૦૦ |
| હ. સુમનલાલ પંચોલી | |
| મહેન્દ્રભાઇ કાળીદાસ પંચોલી-વ્યારા | ૧૦૦૦૦ |
| બાલકૃષ્ણ સાકરલાલ જરીવાલા-સુરત | ૧૦૦૦૦ |
| જયંતિલાલ ચંદુલાલ મિસ્ત્રી-નવસારી | ૫૦૦૦ |

ઉષાબેન જયંતિલાલ મિસ્ત્રી-નવસારી ૫૦૦૦
સ્વ. નગીનભાઇ જીવણભાઇ મહેતા-મુંબઇ ૫૦૦૦
હ. ચંદ્રવદન મહેતા
સ્વ. અનુરાધાબેન નગીનભાઇ મહેતા-મુંબઇ ૫૦૦૦
હ. ચંદ્રવદન મહેતા
સ્વ. મંજુલાબેન નગીનભાઇ મહેતા-મુંબઇ ૫૦૦૦
હ. જાગૃતીબેન મહેતા
પુ.માતુશ્રી જમનાબેન મગનલાલ પંચોલી-બીલીમોરા ૫૦૦૦
હ. દિપકલાલ એમ. જયો.ભાસ્કર
ડૉ. મહેશભાઇ મિસ્ત્રી-અંકલેશ્વર ૫૦૦૦
સ્વ. ત્રિકમદાસ લલ્લુભાઇ પંચોલી-યુ.કે. ૨૫૦૦
હ. પૌત્ર મહેશકુમાર વિ. પંચોલી
સ્વ. જીવીબેન ત્રિકમદાસ પંચોલી-યુ.કે. ૨૫૦૦
હ. પૌત્રવધુ પ્રતિમાબેન એમ. પંચોલી
આશિષકુમાર શાંતિલાલ પંચોલી-વ્યારા ૧૦,૦૦૧
સ્વ. જેકોરબેન વિઠ્ઠલદાસ પંચોલી-ભરૂચ ૧૦૦૦
હ. ચેતનભાઇ પંચોલી
જયેશભાઇ ભીખુભાઇ પંચોલી-વ્યારા ૧૦૦૧
ઉનાઇ એકમ-હ. બાલુભાઇ ૨૫૦૦
સ્વ. શાંતાબેન અને સ્વ. કેશવલાલ મગનલાલ મિસ્ત્રી
ઉર્મિલાબેન કેશવલાલ - લેસ્ટર ૧૧,૧૧૧
સ્વ. કમળાબેન અને સ્વ. મોહનલાલ ડાહ્યાભાઇ મિસ્ત્રી -અજરાઇ ૩,૧૧૧
હ. યોગેશ, કિશોર, દિપક
દાતાઓનો આભાર માનવામાં આવે છે......

## શતમ્ જીવમ શરદઃ



વ્યારા નિવાસી શ્રીમતિ પદમાબેન રામુભાઇ પંચોલી તા. ૩૧.૧૨.૨૦૧૩ ના રોજ ૭૫ વર્ષ પૂર્ણ કરે છે...



જબુગામ નિવાસી શ્રી કિશનભાઇ મગનભાઇ પંચોલી ૬૫ વર્ષ પૂર્ણ કરે છે...

## શ્રી પંચોલી સમાજ વરિષ્ઠ નાગરિક મંડળ વડોદરા

વરિષ્ઠ નાગરિક મંડળના નવેમ્બર-ડિસેમ્બર માસનો જન્મોત્સવ તા. ૨૨ ડિસેમ્બર-૧૩ની સાંજે શ્રી ચંદ્રકાંતભાઇ સી. પંચોલીના નિવાસ્થાને યોજાયો. પ્રમુખશ્રી મધુસુદનભાઇએ હાર્દિક સ્વાગત કર્યુ.અને ચિ. ત્વિષાએ સૌને ફુલ આપી આશિષ લીધા.

આજના મુખ્ય મહેમાન શ્રી વ્રજેશ વાળંદ તેમજ તેમની સુપુત્રી અ.સૌ. વંદના પારેખનો પરિચય શ્રી ચંદ્રકાંતભાઇએ આપ્યો. મધુસુદનભાઇએ પુષ્પગુચ્છ તેમજ સ્મૃતિભેટ આપી આવકાર આપ્યો. શ્રી વ્રજેશ વાળંદ 'બેજાન બહાદરપુરી'ના તખ્લુશથી ઉત્તમ ગઝલો લખે છે. આકાશવાણી પર તેમના નાટકો તથા વર્તમાનપત્રોમાં આવતી તેમની વાર્તાઓ વાંચકોએ વખાણી છે. વંદનાબેન સુંદર ગાયક કલાકાર છે. તેમના પિતાશ્રી સાથેની જુગલબંધીમાં જુની ફિલ્મોના સદાબહાર યાદગાર ગીતો ગાઇને સૌના દિલ ડોલાવી દિધા. તાજેતરમાં શ્રી વ્રજેશભાઇ વાળંદ લિખિત નાટક 'ખુદારી' આકાશવાણી વિવિધ ભારતી પરથી પ્રસારિત થયુ હતુ તેના કલાકાર શ્રી સુભાષ પંચોલી 'અક્ષર'એ પણ સ્વરચિત બે ગઝલો અને ફિલ્મીગીત રજુ કરી રંગત જમાવી હતી. ચિ.ત્વિષાના જન્મદિનની યાદગારી રૂપે 'જંગલકેરા પ્રાણીઓની ગાડી.... ' ગીત પિતા-પુત્રીએ ગાયુ. હેપી બર્થડેની ધૂન સાથે ચિ. ત્વિષા તેમજ વડિલ નાગરિકોના જન્મદિનની ઉજવણી કેક કાપી કરવામાં આવી. ચિ. ત્વિષા અને અ.સૌ. દિગીશાએ સૌને યાદગાર સ્મૃતિભેટ આપી. વિદાય થઇ રહેલા વર્ષે સુરીલી સંગીત સંધ્યા સાથે સ્વાદિષ્ટ ભોજનની લિજ્જત સૌએ માણી. શ્રીમતિ ઇન્દુબેને યાદગાર જન્મોત્સવના આયોજન માટે શ્રીમતિ મંજુલાબેનનો આભાર માની કાર્યક્રમ સમાપ્તિની ઘોષણા કરી. જન્મોત્સવ નિમિત્તે મળેલ ભેટ

૫૦૧ શ્રી દિનેશભાઇ એમ. પંચોલી
૨૫૧ શ્રીમતિ રંજનબેન અને શ્રી ચંદ્રકાંતભાઇ એન. પંચોલી
૨૦૧ શ્રીમતિ શકુંતલાબેન એમ. પંચોલી
૨૦૧ શ્રીમતિ કપિલાબેન વી. પંચોલી
૨૦૧ શ્રી ઇન્દ્રવદનભાઇ આર. પંચોલી
૧૫૧ શ્રી જગદિશચંદ્ર સી. પંચોલી
૧૫૧ શ્રી ડૉ. પુલકિત સી. પંચોલી
૧૦૧ શ્રી અમૃતલાલ સી. પંચોલી
૧૦૧ શ્રીમતિ શર્મિષ્ઠાબેન આર. મપારા
૧૦૧ શ્રી પનસલાલ એમ. પંચોલી
૧૦૧ શ્રી કંચનભાઇ જી. પંચોલી
૧૦૧ શ્રી સુરેશચંદ્ર પી. પંચોલી

શ્રી સુરેશભાઇ જી. પંચોલી

# શ્રી પંચોલી સેવા સમાજ મુંબઈ
# દિપોત્સવી રસોત્સવ-૨૦૧૩




શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ એકમ દ્વારા, શ્રી પંચોલી ભગીની સમાજ તેમજ યુવા મંચ આવિષ્કાર ગ્રુપના સથવારે 'દિપોત્સવી રસોત્સવ-૨૦૧૩' નું આયોજન તા. ૧૦.૧૧.૨૦૧૩ના રવિવારે સાંજે ૪.૦૦ કલાકે વીલે પાર્લા સ્થિત શ્રી નવિનભાઇ ઠક્કર હોલ ખાતે યોજવામાં આવ્યું હતું. આ શુભ પ્રસંગે મુંબઇના પ્રથમ નારીરત્ન માનનીય હસુમતીબેન ડાહ્યાભાઇ મિસ્ત્રીના અધ્યક્ષપણા હેઠળ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગનો શુભારંભ કુમારી યુક્તા યતીન પંચોલી, કુમારી ખુશી સતિષ પંચોલી અને કુમાર સુજલ યતીન પંચોલીએ 'હે શુભારંભ...'ના સ્વાગત ગીત રજુ કરી સર્વેનું સ્વાગત કર્યું. ત્યારબાદ ફેન્સી ડ્રેસ કોમ્પીટીશનનું આયોજન કર્યુ હતું. જેમાં ૬ બાળકોએ પોતાના પાત્રો રજુ કર્યા હતાં જેના કલાકારો નીચે મુજબ છે... કુ. યુક્તા મિનેશ સુરેશભાઇ મિસ્ત્રી-ઘડિયાળ, ચિ. પ્રહર્ષ મિનેશ સુરેશભાઇ મિસ્ત્રી-સાંઇબાબા, કુ. હર્ષિતા હિરલ સુરેશભાઇ મિસ્ત્રી-ઝાડ, કુ. રોઝલીન લકીર દિપકભાઇ મિસ્ત્રી-ડોરીમોન, કુ. દેવાંશી સંદિપ પ્રમોદચંદ્ર મિસ્ત્રી-બાળમજુર, ચિ. સુજલ યતીન નવિનચંદ્ર પંચોલી-ગુથ્થી...

આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રીમતિ ત્રીવેણીબેન મુકુલભાઇ મિસ્ત્રી અને શ્રીમતિ ફોરમ દેવાંગ ગાંધી એ સર્વભાર સંભાળ્યો હતો. આ સ્પર્ધાના વિજેતાઓ-પ્રથમ - કુ. દેવાંશી સંદિપ મિસ્ત્રી(૫ વર્ષ)-બાળમજુર, દ્વિતીય- કુ. હર્ષિતા હિરલ મિસ્ત્રી(૭ વર્ષ)-ઝાડ થયા હતા.

પ્રવક્તા તરીકે શ્રીમતિ કૃપા આશિષ પંચોલી અને શ્રી કુંતલ પ્રફુલભાઇ પંચોલીએ સમાજના પ્રમુખશ્રી ડો. ભુપેન્દ્રભાઇ પંચોલીને સ્ટેજ પર આવવા વિનંતી કરી. આજના લાડિલા અધ્યક્ષા નારીરત્ન માનનીય હસુમતીબેન ડાહ્યાભાઇ મિસ્ત્રીને સ્ટેજ પર બિરાજવા જણાવ્યું. ઉપપ્રમુખ શ્રી મુકેશભાઇ પંચોલી અને ઉપપ્રમુખ શ્રી આશિષ પંચોલી, પંચોલી, ભગીની સમાજના પ્રમુખ શ્રીમતિ ઇલાબેન પંચોલી, યુવામંચ આવિષ્કાર ગ્રુપા અધ્યક્ષા શ્રીમતિ ડિમ્પલ મિસ્ત્રી, મંત્રીશ્રી ભાવિક કાપડિયા, ખજાનચીશ્રી રાહુલ મિસ્ત્રી અને ઓનરરી ઓડિટર શ્રી કિરણ પંચોલીએ સ્થાન ગ્રહણ કર્યું.

પ્રમુખશ્રી ડો. ભુપેન્દ્રભાઇ પંચોલીના વરદ હસ્તે નારીરત્ન માનનીય હસુમતીબેન મિસ્ત્રીનું પુષ્પગુચ્છ આપી અભિવાદન કર્યું. તેમજ તેમને બે શબ્દો કહેવા વિનંતી કરતા નારીરત્ન માનનીય હસુમતીબેને સમાજને સંબોધી આર્શીવચન કહ્યા હતાં.

શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇએ અત્યાર સુધીમાં સમાજની વિશષ્ટ અને અભૂતપૂર્વ સેવા કરનાર મહાનુભાવોને 'સમાજ રત્ન' અને 'નારી રત્ન'ના ખિતાબથી નવાજ્યા છે. એજ પરંપરાને અનુસરતા આ વર્ષે પણ બે સમાજરત્નો પૈકી સ્વ. જમનાદાસ ભગવાનજી પંચોલીને આ ખિતાબ અર્પણ કરવા માટે તેમના વતી તેમના સુપુત્ર શ્રી ભુપેન્દ્રભાઇ જમનાદાસ પંચોલીને તથા શ્રી પરમાનંદ રામજીભાઇ પંચોલીને સ્ટેજ પર આવવાનું આમંત્રણ અપાયું. બન્ને મહાનુભાવોના સન્માનપત્રનું વાંચન થયું. આ પ્રસંગને સમાજના પ્રમુખશ્રી ડો. ભૂપેન્દ્રભાઇએ આ બન્ને મહાનુભાવો ના પરિચય આપતા જણાવ્યું કે શ્રી જમનાદાસ પંચોલીએ શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ તથા શ્રી પંચોલી સેવા સમાજ મહામમંડળની સ્થાપનાના વર્ષો દરમ્યાન તન, મન અને ધનથી સેવા આપી હતી. વર્ષો પહેલા પોતાના બહુમૂલ્ય દાન



દ્વારા મહામંડળને સધ્ધરતા પ્રાપ્ત કરવા માટેનું તેમનું યોગદાન 'પંચોલી ઈતિહાસ'માં સુવર્ણ અક્ષરે લખાશે. ઉનાઈની વાડી માટે શરૂઆતના વર્ષોમાં તથા હાલમાં પણ અમુલ્ય ઉમદા દાન આપી ઉનાઈ વાડીના જીર્ણોદ્ધાર તથા નવીનીકરણમાં તેઓ અગ્રેસર રહ્યા હતાં. ગણદેવી જેવા નાના ગામમાં વાડી બનાવવા માટે, મુબઈ સમાજની ઓફિસની જગ્યા લેવા માટે કે બીલીમોરામાં દ્વારકાધીશ મંદિર, જલારામ મંદિર કે ગાયત્રી મંદિરમાં બહુમુલ્ય ફાળો આપ્યો ઉપરાંત મંદિરોના બાંધકામ અને વહિવટોમાં પણ નોંધપાત્ર સેવા આપી. શ્રી પંચોલી સેવા સમાજ મુંબઈના ઘડતર એ વિકાસમાં એમનું યોગદાન મહત્વનું છે. દરેક કાર્યકર્તાઓને પ્રોત્સાહન આપી સમાજસેવાના કાર્યમાં ભાગ લેતા કર્યા. આઠ વર્ષ સુધી કારોબારી સભ્ય અને ખજાનચી પદ શોભાવી સમાજને ગતિશીલ રાખ્યું. મહામંડળ ક્ષેત્રે પણ પાંચ વર્ષ કારોબારી સભ્ય અને પ્રમુખ રહી તેમનાં અનુભવ અને વિચાર શકિતનો પરિચય કરાવ્યો.

શ્રી પરમાનંદભાઈ રામજીભાઈ પંચોલીની સમાજીક કારકિર્દીનું વર્ણન કરતા જણાવ્યું કે શ્રી પરમાનંદભાઈએ પાંચ વર્ષ કારોબારી સભ્ય, એક વર્ષ ઉપપ્રમુખ તથા પાંચ વર્ષ કટોકટી વર્ષના પ્રમુખ રહીને સ્થગીત થયેલા શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઈના કાર્યક્રમો તથા સમાજને ફરીથી ચેતનવંતુ બનાવ્યું. તેઓ નિભાવફંડ, શરતીદાન કે અન્ય કોઈપણ ફંડમાં અમૂલ્ય અને અગ્રેસર ફાળો નોંધાવે છે. શૈક્ષણિક ક્ષેત્રે અને વિધવા સહાય ક્ષેત્રમાં તેમનું વિશેષદાન છે. તેમણે કટોકટીના સમયમાં મુકસેવક બની સક્રિય પીઠબળ દ્વારા સમાજને તથા યુવા કાર્યકર્તાઓને આજે પણ માર્ગદર્શન આપતા રહ્યા છે. આવા સિદ્ધાંત પ્રિય અને સૌમ્ય સમાજ સેવકો અને દાનવીર એવા બન્ને વડિલોને 'સમાજરત્ન'ના ખિતાબથી બિરદાવી વિશેષ સન્માન કરવાનો જે લાભ મળ્યો તે બદલ સમાજ ગર્વ અનુભવે છે.

'નારીરત્ન' હસુમતીબેન, પ્રમુખશ્રી ડો. ભુપેન્દ્રભાઈ, ઉપપ્રમુખ મુકેશભાઈ, ઉપપ્રમુખ આશિષભાઈ દ્વારા શ્રી ભૂપેન્દ્રભાઈ જમનાદાસ પંચોલીને સ્વ. જમનાદાસ પંચોલી વતી અને શ્રી પરમાનંદભાઈ રામજીભાઈ પંચોલીનો સ્વહસ્તે 'સન્માનપત્ર, શાલ અને શ્રીફળ સ્વીકારી સમાજનો આભાર માન્યો હતો.

'સમાજરત્ન' સ્વ. જમનાદાસ ભગવાનજી પંચોલી વતી શ્રી ભુપેન્દ્રભાઈ જમનાદાસ પંચોલી અને શ્રી કિશોરભાઈ ગોવિંદજી પંચોલી તરફથી આ પ્રસંગે રૂા. ૧,૧૧,૧૧૧/-(એક લાખ અગિયાર હજાર એકસો અગિયાર પુરા) તથા 'સમાજરત્ન' શ્રી પરમાનંદભાઈ રામજીભાઈ પંચોલી તરફથી રૂા. ૨૧,૦૦૦/-(એકવીસ હજાર પુરા)ની ભેટ મળેલ છે તે બદલ સમાજના પ્રમુખશ્રી ડો. ભુપેન્દ્રભાઈ પંચોલીએ તેમનો આભાર વ્યકત કર્યો હતો.

સમાજના ભૂતપૂર્વ કાર્યકર્તા જેમણે આજના આ બન્ને 'સમાજરત્ન' સાથે સમાજની ઉતકૃષ્ટ સેવા કરી હતી એવા શ્રી રામુભાઈ નાથુભાઈ પંચોલી-વ્યારાને સ્ટેજ પર આમંત્રીત કરી પુષ્પગુચ્છ, શાલ અને શ્રીફળ અર્પણ કરી પ્રમુખશ્રીએ તેમનું અભિવાદન કર્યુ હતું. રામુભાઈ પંચોલી આજના મહાનુભાવો સાથેનાં સંસ્મરણો વાગોળતા ભાવુક બની ગયા હતાં અને શ્રી પંચોલી સેવા સમાજનો આભાર વ્યકત કરી આજના પ્રસંગે રૂા. ૧૦૦૧/ ભેટ આપી હતી.

શ્રી પંચોલી સેવા સમાજ મુંબઈ દ્વારા દામ્પત્યજીવનનાં ૫૦ વર્ષ પૂર્ણ કરેલ દંપતિઓનું સન્માન કરવામાં આવે છે એ પ્રથાને અનુસરતા આ વર્ષે શ્રીમતિ હંસાબેન અને શ્રી જયંતિભાઈ ગોવિંદદાસ મિસ્ત્રી તથા શ્રીમતિ ઉષાબેન અને શ્રી પ્રમોદચંદ્ર ગોવિંદદાસ મિસ્ત્રીનું શાલ, શ્રીફળ અને કંકાવટી અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી જયંતિભાઈ તરફથી રૂા. ૧,૧૧૧/- અને શ્રી પ્રમોદચંદ્ર મિસ્ત્રી તરફથી રૂા. ૧,૦૦૧/- સમાજને ભેટ મળી હતી.

શ્રી પંચોલી સેવા સમાજ મુંબઈના દિપોત્સવી પ્રસંગને નીચે મુજબ ભેટ મળી છે.

રૂા. ૧,૧૧,૧૧૧/- 'સમાજરત્ન' સ્વ. જમનાદાસ ભગવાનજી પંચોલી હસ્તે : શ્રી ભુપેન્દ્રભાઈ અને શ્રી કિશોરભાઈ

રૂા. ૨૧,૦૦૦/- 'સમાજરત્ન'શ્રી પરમાનંદભાઈ રામજીભાઈ પંચોલી

૧૦૦૧ શ્રી સનતભાઈ રામુભાઈ પંચોલી

૧૦૦૦ શ્રી રાજેન્દ્રભાઈ જેકીશનદાસ પંચોલી

૧૧૧૧ શ્રી જયંતિભાઈ ગોવિંદદાસ મિસ્ત્રી

૧૦૦૦ શ્રી પ્રમોદચંદ્ર ગોવિંદદાસ મિસ્ત્રી

૨૫૧ શ્રી જયંત રણછોડદાસ મહેતા
૨૨૨૨ શ્રીમતિ ત્રિવેણી મુકુલ ડાહ્યાભાઈ મિસ્ત્રી
૨૨૨૨ શ્રીમતિ ઉમાબેન મયંક ડાહ્યાભાઈ મિસ્ત્રી

શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ દ્વારા વર્ષ ૨૦૧૩માં સૌથી વધુ ગુણાંક મેળવનાર તેજસ્વી તારલાઓનું બહુમાન સ્ટેજ પર બિરાજેલ મહાનુભાવોના વરદ હસ્તે કરવામાં આવ્યું.

| | | |
|---|---|---|
| ધો.૧ | કુ. હર્ષિતા હિરલ સુરેશચંદ્ર મિસ્ત્રી | ૯૯% |
| ૨ | ચિ. હેમ કૌશલ પ્રમોદચંદ્ર મિસ્ત્રી | ૯૬% |
| ૩ | ચિ. સુજલ યતીન નવિનચંદ્ર મિસ્ત્રી | ૮૩% |
| ૪ | કુ. યુક્તા મીનેષ સુરેશચંદ્ર મિસ્ત્રી | ૯૫% |
| ૫ | ચિ. દર્શીલ નિલેશ ગણપતરામ પંચોલી | ૯૦% |
| ૬ | કુ. કશ્વી રાહુલ જીતેન્દ્ર મિસ્ત્રી | ૮૧% |
| ૭ | કુ. વિધિ ફાગુન કાંતીલાલ પંચોલી | ૯૧% |
| ૮ | કુ. યુક્તા યતીન નવિનચંદ્ર પંચોલી | ૮૮% |
| ૯ | કુ. ચાર્મી સંદિપ પ્રમોદચંદ્ર પંચોલી | ૮૫% |
| ૧૦ | ચિ. આકાશ પંકજ બિપીનચંદ્ર મહેતા(પ્રથમ) | ૭૫% |
| | કુ. ભાવિકા કલ્પેશ અમૃતલાલ મિસ્ત્રી(દ્વિતીય) | ૫૪% |
| ૧૧ | ચિ. સાગર મનિષ કાંતીલાલ પંચોલી(પ્રથમ) | ૮૫% |
| | કુ. ખ્યાતિ જયેશ હરકીશનદાસ પંચોલી(દ્વિતીય) | ૭૬.૫% |

ડિપ્લોમા ઇન ઇન્ટીરીયર ડિઝાયનીંગ
શ્રી સિદ્ધાર્થ વિજય પરમાનંદ પંચોલી
Diploma in HR Management
કુ. ક્રિષ્ણા ઉમેશ મોહનભાઈ પંચોલી
B.Com : ચિ. હર્ષ ભાવિક મોહનલાલ કાપડિયા
કુ. રૂષિકા રાજેન્દ્ર પંચોલી
ચિ. નિકુંજ મહેન્દ્ર મિસ્ત્રી
ચિ. કૌશલ નિલેશભાઈ મિસ્ત્રી
B.C.A. ચિ. મયુર કમલ ગુલાબદાસ કાપડિયા
M.B.A. in HR
ચિ. જય મુકેશ પરમાનંદ પંચોલી
M.B.A. in Finance
ચિ. કેતન પ્રદિપભાઈ પંચોલી

ઉપરોક્ત ગ્રેજ્યુએટ થયેલ વિદ્યાર્થીઓને ટ્રોફી અને સર્ટીફિકેટ આપી સન્માન કરવામાં આવ્યું. આ સાથે મિટીંગ બરખાસ્ત કરી કવીઝ ગેમ શ્રીમતિ કૃપાબેન અને શ્રી કુંતલભાઈએ વિવિધ જુના ગીતો, સીરીયલો તેમજ ડાયલોગની કલીપ સંભળાવી રમાડીને મનોરંજન કર્યુ.

આજના પ્રસંગે સર્વેનું મનોરંજન કરવા ઇ.ટીવી ગુજરાતી ચેનલ તેમજ વિદેશોમાં કાર્યક્રમ આપનાર સ્ટેજ આર્ટીસ્ટ શ્રી ભાગ્યેશ વારા પધાર્યા હતાં. તેમણે મનોરંજક શાયરીઓ, ટહુકાઓ, ગુજરાતીની ધરતી અને લોકસાહિત્યને શોભાવતા છંદો તથા વિવિધ મનોરંજન કાર્યક્રમો રજુ કરી બે કલાક સુધી પ્રેક્ષકોને જકડી રાખ્યા હતાં. કાર્યક્રમને અંતે આભારવિધિ બાદ બુફે ડીનરનો સ્વાદ માણી નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી છુટા પડ્યા.

આવા ચિરઃસ્મરણીય પ્રસંગોને યાદ રાખવા શ્રી દેવાંગ ગાંધીએ ફોટોગ્રાફી કરી. શ્રી પંચોલી સેવા સમાજ મુંબઈના સર્વે કારોબારી સભ્યોનો, સર્વે દાતાઓના પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહકાર આપનાર સર્વે જ્ઞાતિજનોનો આભાર વ્યકત કર્યો હતો.

## અનુકરણીય



બીલીમોરા નિવાસી **સ્વ.મંજુલાબેન બીપીનભાઇ મિસ્ત્રી** એ પોતાના તરફથી રૂા.૫૦૦૦/- શ્રી પંચોલી સેવા સમાજ વિધવા સહાયમાં , રૂા. ૫૦૦૦/- શ્રી પંચોલી સેવા સમાજ તબીબી સેવા સંકુલમાં અને શ્રી પંચોલી નવયુગ પ્રકાશનમાં ભેટ આપ્યા હતા. સ્વ. મંજુલાબેન ના પરિવારજનોનો શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ આભાર માને છે.

શ્રી મનિષભાઇ એમ પંચોલી - પ્રમુખ શ્રી પં.સે.સ. મહામંડળ
ડૉ વિસ્મય એમ મિસ્ત્રી - તબીબી સેવા સંકુલ અધ્યક્ષ
શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી - તંત્રી, પંચોલી નવયુગ

# U.K. News





**Samuh Shanidev Katha** : Katha was held in April 2013. About 300 members attended the event and Many Yajman took part for the Puja. After the puja every one did Hanuman Chalisa and thereafter Maha Prashadi were served.

**Mahakali Mandir Day Trip :** Wales Mahakali Mandir Day Trip was organised in May 2013. About 45 members went to Mandir for Darshan. The coach left Friday 12 midnight and arrived Wales at 6.30am for first Arti. Thereafter the whole day was spent with Mahakali Puja and other activities.

**Funday (Mela) :** Fun day was organised in June 2013. Luck would have it, it turned out really nice sunny day. Every one enjoyed the vast verity of food, games, music not only that but games and activities were organised for all ages of children.

**Shradh Bhajan :** Bhajan was held in Sep 2013. In the memory of dearly departed loved ones and Pitru for their Shradhanjali, Bhajan was organised in company of Sangeet Sarita Group. Thereafter Maha Prashadi was served.

**Navratri :** Garba was celebrated in October for 9 days also on Sharad Purnima. On Aatham we did Mataji's 108 Aartis and had Aarti competition.

**Samelan :** Samelan is one of our biggest events of the year. It was held in November and people came from London. Luton, Birmingham and Bolton . We had organised all kind of verity cultural performances, graduation award ceremony, also message from president and Vidhva sahayak Fund. Every one enjoyed the fabulous Food, music and dance of all ages.

**Children's Christmas party :** Children's Christmas party was organised for the age between 1 to 12 years. All children had a fabulous time with magic show, games, food and presents





# સંસ્થા સમાચાર......

## શ્રી પંચોલી સેવા મંડળ રાજપીપલા

તા. ૨૦.૧૨.૨૦૧૩ને શુક્રવારના રોજ સાંજે ૭.૩૦ કલાકે મંત્રીશ્રી જયેશભાઇ ચંદ્રકાંતભાઇ પંચોલીના માલીવાડ સ્થિત નિવાસ સ્થાને મિટીંગ રાખવામાં આવી હતી. મંત્રીશ્રી જયેશભાઇએ એજન્ડા મુજબ મિટીંગની શરૂઆત કરી.

એજન્ડા : ૧ વાર્ષિક સામાન્ય સભા તથા ઇનામ વિતરણ સમારંભ માટેની તારીખ નકકી કરવા બાબત.. પંચોલી વાડીની મરામત કરવાની હોય બીજા સમાજની વાડીમાં મિટીંગ રાખવી પડે એવા સંજોગોમાં વાડી વપરાશમાં આવે એ રીતે એનું રીપેરીંગ કામ કરાવવાનું નકકી કરવામાં આવ્યું. તા. ૨૨મીએ વાડીના સ્થળ પર ભેગા થવાનું નકકી કર્યુ. ૨૨મીએ સવારે બધા હોદ્દેદારો વાડી ટ્રસ્ટ તથા કારોબારી સભ્યો હાજર રહ્યા હતાં. સર્વસંમતિથી વાડીનું રીપેરીંગકામ કરવાનું નકકી કરવામાં આવ્યું. શ્રી યોગેશભાઇ દિનેશભાઇ પંચોલીની દેખરેખ હેઠળ રીપેરીંગ કામ શરૂ કરવામાં આવ્યું છે. જે એકાદ અઠવાડીયામાં કામ પતી જશે ત્યારબાદ મિટીંગ બોલાવી સામાન્ય સભા તથા ઇનામ વિતરણની તારીખ નકકી કરવામાં આવશે.

એજન્ડા : ૨ - અંકલેશ્વર મુકામે આકાંક્ષા-૨ માટે યુવાનો અને યુવતીઓના નામો મોકલવા બાબત : શ્રી દિનેશભાઇ એડવોકેટ, શ્રી રાકેશભાઇ વી. પંચોલી તથા મનોજભાઇ આઇ. પંચોલીને આ કામગીરી માટે નકકી કરવામાં આવ્યા. સમાજના દરેક ઘરે ફરીને યુવાનો તથા યુવતીઓનો સંપર્ક કરી અંકલેશ્વર આકાંક્ષામાં મોકલા માટે નામ નોંધવાનું નકકી થયું. અંતમાં અલ્પાહારને ન્યાય આપી નાસ્તો અને મિટીંગની સુંદર વ્યવસ્થા માટે શ્રીમતિ હિરલબેન તથા શ્રી જયેશભાઇનો આભાર વ્યકત કરી છુટા પડયા.

શ્રી પંચોલી સેવા મંડળ રાજપીપલાને જન્મ દિવસ નિમિત્તે નીચે મુજબ દાન મળ્યું.....

૫૧ અ.સૌ. તરૂલતાબેન મનોજભાઇ પંચોલી
૧૦૧ ચિ. યશકુમાર મહેશભાઇ પંચોલી
૧૦૦ શ્રી કૃષ્ણકાંત શાંતીલાલ મપારા
૧૦૧ શ્રી નવિનચંદ્ર કાંતિલાલ પંચોલી
૧૦૧ શ્રી જીજ્ઞેશકુમાર જયંતિલાલ પંચોલી
૫૧ શ્રી મિલનકુમાર હરેશભાઇ પંચોલી
૧૦૦ શ્રી ચંદ્રકાંતભાઇ પ્રેમાનંદભાઇ પંચોલી
૧૦૧ શ્રીમતિ નીતાબેન તથા નયનભાઇ રમણભાઇ પંચોલી
૧૦૧ શ્રી ધર્મેન્દ્રભાઇ છીતુભાઇ પંચોલી
૧૦૧ ચિ. દિશાબેન દિલીપકુમાર પંચોલી
૧૦૧ સ્વ. દિલીપકુમાર ગણપતભાઇ પંચોલી-જન્મદિવસ
૧૦૧ સ્વ. દિલીપકુમાર ગણપતભાઇ પંચોલી-પ્રથમ પૂણ્યતિથિ
૧૫૧ શ્રી ચંદ્રકાંતભાઇ જગદીશભાઇ પંચોલી-૨૫મી મેરેજએનીવર્સરી નિમિત્તે...

## શ્રી પંચોલી સેવા સમાજ, જબુગામ



શ્રી પંચોલી સેવા સમાજ જબુગામની એક મિટીંગ તા. ૧૩.૧૨.૨૦૧૩ના રોજ રાત્રે ૯.૦૦ કલાકે સુંદરલાલ ચંદુલાલ પંચોલીના નિવાસ સ્થાને એકમના પ્રમુખશ્રી કિશનભાઇ પંચોલીના અધ્યક્ષ સ્થાને મળી.

પ્રથમ પ્રમુખશ્રી કિશનભાઇએ સૌને આવકાર્યા તથા મિટીંગમાં હાજર રહેવા બદલ જ્ઞાતિજનોનો આભાર માની આવી રીતે દરેક કાર્યમાં સાથ સહકાર આપવાનો અનુરોધ કર્યો. ત્યારબાદ દરેક જ્ઞાતિજનોની ઇચ્છા મુજબ એક નાનકડા પ્રવાસનું આયોજન કરવું જોઇએ એ સુચનને ધ્યાનમાં લઇ ચર્ચા વિચારણા બાદ માગશર સુદ પૂનમને મંગળવારે તોલાવમાતાના મંદિરના પ્રવાસ નકકી કરવામાં આવ્યો. અંતમાં ચ્હા-કોફીને ન્યાય આપી સુંદરભાઇ અને એમના ફેમીલીનો આભાર માની સૌ છુટા પડયા.

તા. ૧૭.૧૨.૨૦૧૩ના રોજ સવારે ૯ કલાકે પંચોલી સમાજના કુળદેવી તોલાવમાતાના મંદિર જવા માટે સૌ જ્ઞાતિજનો ભેગા મળી પ્રવાસની શુભ શરૂઆત કરી. ત્યાં પહોચ્યા બાદ સૌએ તળાવમાં સ્નાન કરી મંદિરે દર્શન-પૂજા કર્યા. બહેનોએ ગરબાની રમઝટ બોલાવી. બપોરે ૧૨ કલાકે માનો થાળ કરવામાં આવ્યો ત્યારબાદ સર્વે જ્ઞાતિજનોએ સમૂહ ભોજનનો લાભ લીધો. આનંદ પ્રમોદ અને મઝા માણી સર્વે જ્ઞાતિજનો ખુશ થયા અને હવે ઝંડના હનુમાનનો પ્રવાસ માટે સુચન કરતા મહાસુદ પૂનમને દિવસે ઝંડના હનુમાનજીના પ્રવાસનું આયોજન કરવાનું નકકી કરવામાં આવ્યું. અંતે સૌ બપોરે ૨ કલાકે પરત ફર્યા.

### સ્વર ગ્રુપ-વ્યારા

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના પ્રમુખ શ્રી મનિષભાઇ તથા વ્યારા એકમના હોદ્દેદારો શ્રી ભરતભાઇ પંચોલી, નવિનભાઇ વી. પંચોલી, હિતેષભાઇ ગાંધી તથા નવિનભાઇ સી. પંચોલીના પ્રોત્સાહન અને માર્ગદર્શન હેઠળ



યુવાનો સમાજમાં આગળ આવે, સમાજમાં રસ લેતા થાય એ સંદર્ભે એક યંગસ્ટર ગ્રુપની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યુ. બધા યુવાનોને એકત્ર કરી યુવકો સાથે વાત કરતા યંગસ્ટર ગ્રુપ બનાવવાની તૈયારી બતાવી. ત્યારબાદ ગ્રુપનું નામ સ્વર ગ્રુપ રાખવાનું નક્કી કરવામાં આવ્યું ત્યારબાદ યુવાનોની સર્વસંમતિથી એક ટીમ બનાવી જેમાં

શ્રી તનેશકુમાર સુમનભાઇ મિસ્ત્રી-પ્રમુખ
કુ. પાયલ હર્ષવદન મિસ્ત્રી-ઉપપ્રમુખ
શ્રી અંકિતકુમાર હર્ષદભાઇ પંચોલી-મંત્રી
રીનલબેન જીજ્ઞેશભાઇ પંચોલી-ખજાનચી
ની નિમણૂંક કરવામાં આવી.

ત્યારબાદ તા. ૨૨.૧૨.૨૦૧૩ના રોજ વ્યારા એકમનો પારિતોષક વિતરણ સમારંભમાં સાસ્કૃતિક કાર્યક્રમ કરવાનું નક્કી કરવામાં આવ્યું...

તા. ૨૨.૧૨.૨૦૧૩ના રોજ વ્યારા મુકામે પંચોલી વાડીમાં યોજાયેલ વાર્ષિક કાર્યક્રમમાં સ્વર યુથની ટીમ તરફથી સુંદર કાર્યક્રમો રજુ કરાય. જેમાં નીચે મુજબની ભેટ મળી...

૧૦૦૦ શ્રી નવિનભાઇ ચુનીભાઇ પંચોલી
૧૦૦૦ શ્રીમતિ ગીતાબેન જયેશભાઇ ગાંધી
૫૦૧ શ્રી તનેશકુમાર સુમનભાઇ મિસ્ત્રી
૫૦૧ શ્રી ડેનિશ ભરતભાઇ ગાંધી
૫૦૧ શ્રી મયુર મહેશભાઇ ગાંધી

દાતાઓનોખૂબ ખૂબ આભાર

# મહિલા સમાચાર

### શ્રી પ્રગતિ મહિલા મંડળ-વ્યારા

પ્રગતિ મહિલા મંડળની નવેમ્બરમાસની મિટીંગ તા. ૧૫.૧૨.૨૦૧૩ના રોજ પંચોલી વાડીમાં મળી. રીનલબેને બેને પ્રાર્થના ગવડાવી. શ્રીમતિ બેલાબેનને સર્વે સભ્ય બહેનોને આવકાર્યા. સ્વ. મનિષાબેન ચંપકભાઇ પંચોલીને મૌન પાડી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી.

ડિસેમ્બર માસમાં આવતી બહેનોની બર્થડે એનીવર્સરીની શુભેચ્છાઓ પાઠવવામાં આવી. આજરોજ સલાડ ડેકોરેશનની સ્પર્ધા રાખવામાં આવી હતી. જેના નિર્ણાયક તરીકે પારૂલબેન ગાંધીએ સેવા આપી હતી. નવા બનેલ સભ્યોને આવકાર્યા હતા. રીનલબેને ગત મિટીંગના અહેવાલનું વાંચન કર્યુ.

તા. ૧.૧૨.૨૦૧૩ના રોજ મહિલા બચત યોજનાનો એક દિવસીય પ્રવાસનું આયોજન કર્યુ હતું. પ્રથમ ભરૂચ સ્વામિનારાયણ મંદિરે દર્શન કરી નાસ્તાને ન્યાય આપ્યો. બપોરે કાવી કંબોઇ સ્થિત સ્તંભેશ્વર મહાદેવના દર્શન કરી ભરતી ઓટની મઝા માણી હતી. બપોરનું ભોજન સ્તંભેશ્વરદાદાના સાનિધ્યમાં લઇ વ્યારા તરફ પ્રયાણ કર્યુ. માંડવી મુકામે અલ્પાહારને ન્યાય આપી રાત્રે વ્યારા પરત આવ્યા હતાં. સમગ્ર પ્રવાસ દરમ્યાન આનંદીબેનના આયોજન હેઠળ પ્રવાસની મઝા માણી હતી.. આગામી મિટીંગ જાન્યુઆરીની ૧૯.૧.૨૦૧૪ના રોજ રાખવાનું નક્કી કરવામાં આવ્યું.

સલાડ ડેકોરેશનના વિજેતા પ્રથમ નેહાબેન જેનીશભાઇ પંચોલી અને દ્વિતીય અલ્પાબેન નિલેશભાઇ પંચોલી થયા હતા.

એનીવર્સરી નિમિત્તે : ૧૧૧ આનંદીબેન ભરતભાઇ પંચોલી
૧૦૧ પારૂલબેન હિતેશભાઇ ગાંધી
૧૦૧ રીનલબેન જીજ્ઞેશભાઇ પંચોલી

૧૦૧ હેતલબેન ધવલભાઇ પંચોલી
૫૧ રીનાબેન ધર્મેશભાઇ પંચોલી
૫૧ મનિષાબેન ઇલેશભાઇ પંચોલી
૫૧ પદમાબેન હસમુખભાઇ પંચોલી
૫૧ નયનાબેન જયેશભાઇ પંચોલી
૫૧ બીનાબેન સુમનભાઇ મિસ્ત્રી
વર્ષગાંઠ નિમિત્તે : ૧૦૧ જ્યોત્સનાબેન મહેન્દ્રભાઇ પંચોલી
૧૦૧ બેલાબેન મનિષભાઇ પંચોલી
૧૦૧ ભાનુબેન સન્મુખલાલ પંચોલી
૫૧ જ્યોત્સનાબેન તરફથી દોહિત્રી પલકની બર્થડે માટે
૫૧ પદમાબેન જયંતિભાઇ પંચોલી
૫૧ જયાબેન અમ્રતભાઇ પંચોલી

## શ્રી પંચોલી ભગીની સમાજ, રાજપીપલા

તા. ૩૦.૧૧.૨૦૧૩ના રોજ અનસુયાબેન પંચોલીને ત્યાં મિટીંગ રાખવામાં આવી હતી. સૌ પ્રથમ પ્રાર્થના કરી મિટીંગની શરૂઆત કરવામાં આવી. આજની મિટીંગમાં જનરલ નોલેજ કવીઝ પ્રોજેક્ટ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ હાઉસી રમ્યા. હિનાબેનના ઘરના વાસ્તાનું આમંત્રણ સ્વીકાર્યું. નયનાબેન અને ચંપાબેનની વર્ષગાંઠની શુભેચ્છાઓ પાઠવી. નયનાબેન નયનભાઇ પંચોલી તરફથી ૧૦૧/- તથા ચંપાબેન જયતિભાઇ પંચોલી તરફથી રૂા. ૧૦૧/- ભેટ મળ્યા... ટોમેટોસૂપ, સમોસા અને ગુલાબજાંબુનો નાસ્તો કરી આભારવિધિ બાદ આપી છુટા પડ્યા.

## શ્રી પંચોલી મહિલા મંડળ અંકલેશ્વર

અંકલેશ્વર મહિલા મંડળની મિટીંગ તા. ૧૦.૧૨.૨૦૧૩ના રોજ હેતલબેન મિનેષભાઇ મિસ્ત્રીને ત્યાં રાખવામાં આવી હતી. મિટીંગની શરૂઆત સમૂહમાં પ્રાર્થનાથી કરવામાં આવી. મહિલા સંગઠનના અધ્યક્ષા શ્રીમતિ આનંદીબેને આપેલ પ્રોજેકટો મુજબ આજે સામાન્ય જ્ઞાનની કસોટી રાખવામાં આવી હતી. દક્ષાબેન મિસ્ત્રીએ સામાન્યજ્ઞાનનું પ્રશ્નપત્ર આપી પાંચ મિનીટની સમય મર્યાદા આપી હતી. ત્યારબાદ દક્ષાબેને પ્રશ્નપત્રો તપાસી વિજેતાઓના નામો જાહેર કર્યા હતાં. જેમાં પ્રથમ વિજેતા માનનીય અનુરાધાબેન મિસ્ત્રી તથા દ્વિતીય વિજેતા નીતાબેન રાજેશભાઇ પંચોલી થયા હતા.

વન મિનિટ ગેમ રમ્યા જેમાં ૫૦ વર્ષ ઉપરમાં મીનાબેન ચંદુભાઇ અને ૫૦ વર્ષથી નીચેમાં સોનલબેન નિલેશભાઇ વિજેતા થયા હતાં. વિજેતાઓને ઇનામો આપી નવાજ્યા હતાં. આ માસમાં આવતી બર્થડે નિમિત્તે ગાયત્રીબેન, અનુરાધાબેન, નીતાબેન, મીનાબેન છગનભાઇ, હસાબેન, સાધનાબેનને બર્થડેની શુભેચ્છાઓ પાઠવી ગીફ્ટ આપી હતી. વર્ષગાંઠ નિમિત્તે રૂા. ૫૧/- અનુરાધાબેન, ૫૦/- નીતાબેન રાજેશભાઇ, ૫૧/- ગાયત્રીબેન કૃણાલભાઇ, ૫૧/- હંસાબેન તરફથી ભેટ મળ્યા. અંતમાં હેતલબેનનો આભાર વ્યકત કરી અલ્પાહારને ન્યાય આપી છુટા પડ્યા.

## શ્રી પંચોલી મહિલા મંડળ બીલીમોરા

ડિસેમ્બર માસની સામાન્ય સભા તા. ૧૪ ને શનિવારના રોજ માનનીય ભાવનાબેન પ્રવિણચંદ્ર પંચોલી ના નિવાસ સ્થાને રાખવામાં આવી હતી. સ્વ. પ્રવિણચંદ્ર ડાહ્યાભાઇ પંચોલીના નિધન ( તા.૨૦-૧૧-૨૦૧૩ ) ના કારણે સૌ પ્રથમ હાજર તમામ બહેનોએ ભજન ગાયા હતા અને શાંતિ પાઠ કર્યો હતો. ત્યારબાદ સભાની અન્ય કામગીરી શરૂ કરવામાં આવી હતી.

હાલમાં બહેનોના ગળામાંથી થતા ચેઇન સ્નેચીંગના વધી ગયેલા પ્રસંગો એ સાવચેતીના પગલાં રૂપે કાળજી રાખવા વિશે મંત્રીશ્રી ઉર્મીલાબેને પગલાં સૂચવ્યા હતા. જાન્યુઆરી માસમાં પ્રવાસ જવા અંગે સર્વે બહેનોએ ચર્ચા વિચારણા કરી હતી અને અંતે તા.૧૧ જાન્યુઆરી ૨૦૧૪ ને શનિવારના રોજ સાંજની બીલીમોરા વઘઇ ટ્રેનમાં ઉનાઇ પ્રવાસે જવાનુ નકકી કર્યુ હતું. રાત્રી રોકાણ શ્રી પંચોલી સેવા સમાજની વાડીમાં કરી રવિવારે બીલીમોરા પાછા આવવાનું નકકી કર્યું છે. પ્રવાસમાં આવનાર બહેનો પોતાના પરિવાર સાથે પણ આવી શકશે. પ્રવાસમાં આવવા ઇચ્છુક બહેનોએ પોતાના નામ ૭મી જાન્યુઆરી સુધીમાં મહિલા મંડળના પ્રમુખ અથવા મંત્રીને અવશ્ય નોંધાવી દેવા. જેથી ગોઠવણ કરવાની સમજ પડે.


આ મિટિંગમાં માનનીય ભાવનાબેને પોતાના સ્વ. પતિ પ્રવિણચંદ્રના સ્મરણાર્થે રૂા.૧૫૧/- અને પૌત્ર સ્મિત ના જન્મદિવસ પ્રસંગે રૂા. ૧૫૧/- મહિલા મંડળને ભેટ આપ્યા હતા. અંતે ગરમા ગરમ દૂધ ને ન્યાય આપી સૌ કોઇ છુટા પડયા હતા.

આશાઓ પર પાણી ફરી જતાં વાર નથી લાગતી,
કિનારે આવી ડૂબી જતાં વાર નથી લાગતી,
માણી લે હર એક પળ તું આજે,
આંખોને મિચાઇ જતાં વાર નથી લાગતી,

# હેપી મેરેજ એનીવર્સરી



અંકલેશ્વર નિવાસી શ્રીમતિ દેવ્યાનીબેન તથા શ્રી નિલેશભાઇ સોમાભાઇ મહેતા લગ્નજીવનના ૨૫ વર્ષ પૂર્ણ કરે છે...



રાજપીપલા નિવાસી શ્રીમતિ સ્મૃતિબેન તથા શ્રી સાધશરણ અગમશરણ પંચોલી લગ્નજીવનના ૨૫ વર્ષ પૂર્ણ કરે છે...



રાજપીપલા નિવાસી શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના મહામંત્રી શ્રી ચંદ્રકાંતભાઇ જગદીશચંદ્ર પંચોલી તથા શ્રીમતિ હિનાબેન લગ્નજીવનના ૨૫ વર્ષ પૂર્ણ કરે છે...

ત્રણેય દંપતિઓને સમગ્ર પંચોલી સમાજ લગ્નજીવનની હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે....

# એક વાર જાવું હરીના ધામમાં



સુરત નિવાસી યોગેશભાઇ હિરાલાલ મહેતા તા. ૨૧.૧૧.૨૦૧૩ ના રોજ હરીના ધામ માં ગયા. ઉ. વ. ૫૪



નવાપુર નિવાસી સેવંતીલાલ વાડીલાલ ગાંધી તા. ૧૮.૧૨.૨૦૧૩ ના રોજ હરીના ધામ માં ગયા. ઉ. વ. ૮૦

# પરિણય પગદંડીપર



અમદાવાદ નિવાસી જાણીતા ચિત્રકાર શ્રી જયેન્દ્રભાઇ એન પંચોલી અને શ્રીમતિ પ્રેમીલાબેનના સુપુત્ર ચિ. મનનના શુભલગ્ન અમદાવાદ નિવાસી શ્રીમતિ દક્ષાબેન તથા શ્રી નિતિનભાઇ બી. રામીની સુપુત્રી ચિ. પલક સાથે તા. ૨૪.૧૧.૨૦૧૩ના રોજ થયા.

# દેવના દીધેલ



વડોદરા નિવાસી પ્રદિપકુમાર શંકરલાલ પંચોલીને ત્યા પુત્રીરત્ન ચિ. ધ્રુવી નો જન્મ તા.૧૨.૯.૨૦૧૩ના રોજ થયો.

માતા : પિનલબેન


# ટીપે ટીપે સરોવર ભરાય

- ₹ ૧૦૧/- બીલીમોરા નિવાસી બિપીનચંદ્ર ગોવિંદભાઇ મિસ્ત્રી તરફથી સુપુત્ર ધવલની વર્ષગાંઠ નિમિત્તે..
- ₹ ૧૦૧/- વડોદરા નિવાસી શ્રી ચિરાગભાઇ ઠાકોરભાઇ પંચોલી તરફથી ચિ. જીયાની વર્ષગાંઠ નિમિત્તે..
- ₹ ૫૧/- ચાંદોદ નિવાસી શ્રી શશીકાંતભાઇ શાંતિલાલ પંચોલી તરફથી નવયુગ પોસ્ટીંગ ભેટ
- ₹ ૧૦૧/- રાજપીપલા નિવાસી શ્રી કૃતિકકુમાર શૈલેન્દ્રકુમાર પંચોલી વર્ષગાંઠ નિમિત્તે
- ₹ ૨૫૦/- રાજપીપલા નિવાસી શ્રીમતિ હિનાબેન ચંદ્રકાંતભાઇ પંચોલી તરફથી એમની ૨૫મી મેરેજએનીવર્સરી નિમિત્તે..
- ₹ ૨૫૦/- રાજપીપલા નિવાસી શ્રીમતિ હિનાબેન ચંદ્રકાંતભાઇ પંચોલી તરફથી નૂતન ગૃહ પ્રવેશ નિમિત્તે.
- ₹ ૧૦૧/- વ્યારા નિવાસી શ્રી જતીનભાઇ દિનેશભાઇ પંચોલીને ત્યાં પુત્રી રત્ન 'આધ્યા'ના જન્મ નિમિત્તે.
- ₹ ૧૧૧/- વ્યારા નિવાસી શ્રી રામુભાઇ નાથુભાઇ પંચોલી તરફથી શ્રીમતિ પદમાબેનની ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે.
- ૨૫૧/- જબુગામ નિવાસી કિશનભાઇ મગનભાઇ પંચોલીની ૬૫મી વર્ષગાંઠ નિમિત્તે તથા પૌત્રી સીયાની વર્ષગાંઠ નિમિત્તે.


# હેપી બર્થડે....



ચિ. ત્વિષા પુલકિતભાઇ
પંચોલી-વડોદરા
૨૨.૧૨.૨૦૦૮



સીયા જીજ્ઞેશભાઇ
પંચોલી
જબુગામ



જીયા ચિરાગકુમાર
પંચોલી-વડોદરા
તા. ૧૦.૧૨.૨૦૧૩



નૈતિક દેવાંગકુમાર
પંચોલી
કાંદીવલી

Book Post
Printed Book
પ્રિન્ટેડ બુક

From :
**Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank,
Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-2.

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Ph. :** 02646 - 252852 **Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Ph. : (02646) (R) 291852(O) 252852,**
**Mo. : 98241 71930, 98240 64282. Email : pancholi_navyug@yahoo.com**